
# હીરાબાગમાં બોગસ વોટિંગનો ચોંકાવનારો કિસ્સો, દંપતી મતદાનથી વંચિત રહી ગયું

**વઘાસિયા** દંપતી મતદાન મથકે પહોંચ્યું તે પહેલાં તેમના નામે મત અપાઈ ગયો..!



સુરતઃ સુરતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના માહોલ વચ્ચે હીરાબાગ વિસ્તારમાંથી એક ગંભીર અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. લોકશાહીના પર્વમાં ઉત્સાહભેર મતદાન કરવા પહોંચેલા એક દંપતીને ત્યારે મોટો આઘાત લાગ્યો જ્યારે તેમને જાણવા મળ્યું કે તેમના નામે અન્ય કોઈ વ્યક્તિ મતદાન કરી ગયું છે.

હીરાબાગ વિસ્તારમાં રહેતા નિકુંજ વઘાસિયા અને તેમના પત્ની અમિષા વઘાસિયા મતદાન કરવા માટે આનંદ નગર વાડી ખાતે આવેલા મતદાન મથક પર પહોંચ્યા હતા. નિયમ મુજબ ઓળખપત્ર ચકાસણી માટે જ્યારે તેઓ અધિકારી પાસે ગયા ત્યારે તેમને જે જવાબ મળ્યો તે આઘાતજનક હતો. ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે, તેમના નામનું મતદાન તો સવારે જ પૂર્ણ થઈ ગયું છે!

આ ઘટનાથી દંપતી સ્તબ્ધ થઈ ગયું હતું. પોતાની ઓળખના પુરાવા સાથે હાજર હોવા છતાં, તેમના નામે અન્ય કોઈ વ્યક્તિ મત આપી ગઈ હતી. નિકુંજ વઘાસિયાએ આ અંગે આક્રોશ વ્યક્ત કરતા વહીવટી તંત્ર સામે બોગસ વોટિંગ થતું હોવાનો ગંભીર આક્ષેપ લગાવ્યો છે. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો છે કે, જો મતદાર જાતે હાજર ન હોય તો કોઈ અન્ય વ્યક્તિ તેમના નામે કેવી રીતે મતદાન કરી શકે? શું આ ચૂંટણી પ્રક્રિયામાં કોઈ મોટી ગેરરીતિ અથવા કાવતરું છે?

## પક્ષપાત અને ઘર્ષણના બનાવો વચ્ચે મતદાન થયું

# વોર્ડ 12 ,13 ,20માં તંત્રની આડોડાઈ

**SIR ને** લીધે મુસ્લિમ મતદારો મોટી સંખ્યામાં ઊમટી પડતા ગુંડા તત્ત્વોએ તંત્રનો ઉપયોગ કરી કેટલાંક સ્થળે મતદાનમાં વિક્ષેપ પાડ્યો

સુરત : ઓલ્ડ સિટી સુરતના ત્રણ સંવેદનશીલ વોર્ડ ગણાતા વોર્ડ નંબર 12,નાણાવટ - સૈયદપૂરા - કુબેરનગર - મહિધરપુરા અને વોર્ડ નંબર 13 વાડી ફળિયા - નવાપુરા - બેગમપુરા - સલાબતપુરા અને વોર્ડ નંબર 20 સગરામપુરા - ખટોદરા - મજૂરા વોર્ડની ચૂંટણીમાં લઘુમતિ મતદારો અને જ્ઞાતીનું સમીકરણ નિર્ણાયક હોવાથી સવારથી સાંજ સુધી આ ત્રણે વોર્ડમાં ભાજપ,કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો અને સમર્થકો વચ્ચે ભારે ઘર્ષણની સ્થિતિ જોવા મળી હતી.

વોર્ડ નંબર 12 અને 13 માં મોટી સંખ્યામાં મુસ્લિમ મતદારો નિર્ણાયક ભૂમિકા ભજવે છે. SIR ને લીધે મુસ્લિમ મતદારો મોટી સંખ્યામાં ઉમટી પડતા ગુંડા તત્વોએ તંત્રનો ઉપયોગ કરી મતદાનમાં વિક્ષેપ પાડ્યો હતો.વોર્ડ નંબર 12 માં યુનિયન સ્કૂલમાં ખુદ ગુજરાતમિત્રના પત્રકારને બિહાર જેવી અરાજકતાનો અનુભવ થયો હતો. 3 બાઉન્સર જેવા માથાભારે તત્વ અને રાણીતળાવ વિસ્તારના એક સ્થાનિક હિસ્ટ્રી શીટર ગુંડા તત્ત્વ એ મતદાન નહીં કરવા અટકાવવાનો પ્રયાસ કર્યો હતો.પણ મતદાન કેન્દ્રમાં હાજર પોલીસને ફરિયાદ કરવામાં મામલો થાળે પડ્યો હતો. એક રાજકીય પક્ષ સાથે સંકળાયેલા ગુંડા તત્વોને બુથની બહાર કાઢવામાં આવ્યા હતા.

એ પછી આ તત્વોએ પોલીસને ખોટી માહિતી સાથેના ફોન કરતા મતદારો નારાજ થયા હતા.જોકે મામલો પછી સ્થાનિક પોલીસે થાળે પાડ્યો હતો અને મતદારોને ભય મુક્ત બની મતદાન કરવાનો મોકો આપ્યો હતો.

વોર્ડ નંબર 13 માં કોંગ્રેસના લઘુમતી કાર્યકરોને પોલીસે તેડાવી મતદાનના દિવસે શાંત રહેવા અને ઘર્ષણ કરવાની ચેતવણી સાથે તેઓના ફોટાઓ પાડી લેખિતમાં બાહેધરી પત્રો લખાવ્યા હોવાની ફરિયાદ કોંગ્રેસના લીગલ સેલને ઉમેદવાર નીતિન ભરૂચ એ કરી હતી.જોકે પોલીસે માત્ર દબાણ ઊભું કરવા આ કાર્યવાહી કરી કાર્યકરોને છોડી દીધા હતા.એવીજ રીતે સાલબતપૂરા માં કોંગ્રેસ અને ભાજપના ટેબલ નજીક હોવાથી પાર્ટીના બેનર,ખેસ,ચિઠ્ઠી,સ્લીપ વિતરણ કરવા મામલે કોંગ્રેસ અને ભાજપનાં ઉમેદવાર બાખડતા સમાજના લોકોએ તેઓને સમજાવી છુટા પાડ્યા હતા.આ વોર્ડમાં અશાંતધારા મોટો મુદ્દો બંને રાષ્ટ્રીય પક્ષોના કાર્યકરોએ સૂત્રોચ્ચાર કરતા માહોલ ગરમાયો હતો.આ ત્રણ વોર્ડમાં SIR ને જો મતદાન નહીં કરીએ તો એને લીધે મતદાર યાદીમાંથી નામ કપાઈ જશે,સીટીઝનશીપના વિવાદ ઊભા થશે એ ભયે મોટી સંખ્યા મતદારો ઉમટી પડતા તંત્ર એ અગાઉથી આવી સ્થિતિમાં આકરી ગરમીમાં મતદાન ધીમુ કરાવવા મોંઘમમાં સૂચના આપતાં મતદાન માટે ઘણો વિલંબ થતા લોકો એ ચૂંટણી અધિકારીઓ સામે રોષ વ્યક્ત કરી બળાપો કાઢ્યો હતો.રાજકીય પક્ષના કાર્યકરોએ વારે વારે પોલીસને બોલાવી વિક્ષેપ ઊભો કર્યો હતો.

વોર્ડ નંબર 20 માં ભાજપ અને કોંગ્રેસની મહિલા ઉમેદવાર ખત્રી સમાજના હોવાથી ભાજપ અને કોંગ્રેસના કાર્યકરોએ ક્રોસ વોટિંગની સ્લીપો પકડી પાડતા વિવાદ ઊભો થયો હતો.જોકે આગેવાનોએ એ પછી મામલો થાળે પાડ્યો હતો.કોંગ્રેસના આગેવાન સઈદ જુમ્મા એ કહ્યું હતું કે, ચોક્કસ પોકેટમાં ત્રણ ભાજપ, એક કોંગ્રેસ અને ચોક્કસ પોકેટમાં બે ભાજપ,બે કોંગ્રેસ ચાલ્યું હોવાનું અમારું અનુમાન છે.તેમ છતાં અમારી પેનલ પૈકીના ઉમેદવાર અહીં ખાતું ખોલાવે એવી શક્યતા જણાય છે.

# સિનિયર સિટિઝન્સે ફરજ અદા કરી

**૧૦૦** વર્ષની ઉંમરે પણ મતદાનનો ઉત્સાહ



સુરતઃ રાજ્યમાં ચાલી રહેલા મતદાન દરમિયાન ભરથાણા ગામમાં લોકશાહીની અનોખી ઝલક જોવા મળી હતી. ગામના આશરે ૧૦૦ વર્ષના પ્રભુભાઈ પટેલ મતદારે પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને યુવાનો માટે પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું. વૃદ્ધ મતદાર વયના આ અંતિમ પડાવમાં હોવા છતાં મતદાન કેન્દ્ર સુધી પહોંચ્યા હતા અને પોતાના મતનો હક બજાવ્યો હતો.

## ૯૭ વર્ષની વયે લાકડીના ટેકે મતદાન



સુરતઃ લોકશાહીનાં સૌથી મોટા પર્વ તરીકે ઓળખાતી ચૂંટણી દરમિયાન મતદાનને લઈને સુરત શહેરમાં જાગૃતિ અને ઉત્સાહભર્યા દ્રશ્યો જોવા મળ્યા હતા. વેસુ સ્થિત સેન્ટ થોમસ શાળાના મતદાન મથક પર આજે વહેલી સવારે એક પ્રેરણાદાયક ઘટના સામે આવી હતી. ૯૭ વર્ષીય વૃદ્ધ લક્ષ્મીકાંતભાઈ ચાંડકે લાકડીના ટેકે મતદાન કરવા માટે પહોંચીને પોતાની નાગરિક તરીકેની ફરજ નિભાવી હતી. ઉંમરના આ પડાવ પર પણ તેમનો લોકશાહી પ્રત્યેનો વિશ્વાસ અને જવાબદારીની ભાવના પ્રશંસનીય રહી હતી. લક્ષ્મીકાંતભાઈએ જણાવ્યું હતું કે તેઓ છેલ્લા ૮૦ વર્ષથી સતત મતદાન કરી રહ્યા છે અને દરેક નાગરિકે પોતાના મતાધિકારનો ઉપયોગ કરવો જોઈએ. તેમના સાથે તેમના પુત્ર મુકેશભાઈ પણ વહેલી સવારે મતદાન કરવા માટે મતદાન મથકે પહોંચ્યા હતા. પિતા-પુત્રની આ જોડીએ યુવાનો માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

## ચૂંટણી જંગ ત્રિપાંખિયો નહીં દ્વિપાંખિયો જ હતો

# સૌરાષ્ટ્રવાસીમાં આપ તો લઘુમતી વિસ્તારો કોંગ્રેસ સામે ભાજપની ટક્કર

**સૌરાષ્ટ્રવાસી** વિસ્તારોમાં 2021 જેવો જ માહોલ, લઘુમતી વિસ્તારમાં થયેલા વધુ મતદાનથી કોંગ્રેસને ખાતું ખૂલવાની આશા

સુરતઃ સુરત મનપાની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી એમ ત્રણેય મુખ્ય પક્ષો લડયા છે. જો કે આપ અને ભાજપની સરખામણીમાં કોંગ્રેસ જોઇએ તેવો પ્રયાસ કર્યો નથી. તો ભાજપના કાર્યકરોમાં પણ આ વખતે ઘણા સમય બાદ ઉત્સાહનો અભાવ જોવા મળ્યો હતો. આ વખતે ટેબલોની સંખ્યાથી માંડીને ચૂંટણીમાં કામ કરતાં કાર્યકરોની સંખ્યામાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. પરંતુ આજે થયેલા મતદાન બાદ એક સ્થિતી સ્પષ્ટ થઇ છે કે, ભલે ત્રણ પક્ષો લડયા પરંતુ ચૂંટણી જંગ ત્રિપાંખીયો નહીં દ્રીપાંખીયો જ હતો. આ વખતે ચૂંટણી જંગની પેર્ટન થોડી અલગ રહી છે. મનપાની સત્તા મેળવવાના સપના જોતા મુખ્ય વિરોધ પક્ષ આમ આદમી પાર્ટીનું ફોકસ વોર્ડ નંબર 1થી 8, વોર્ડ નંબર 14, 15, 16, 17 માં જ રહ્યું હોય તેવું જણાયું છે. એટલે આ વિસ્તારોમાં ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે સીધી ટક્કર થઇ કેમ કે આ બધા વિસ્તારોમાં કોંગ્રેસના ટેબલ પણ જવલ્લેજ જોવા મળ્યા હતા. જયારે બીજી બાજુ લઘુમતિ વિસ્તારોમાં અને કોટ વિસ્તારમાં કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓ મહેનત કરતાં જણાયા હતા. આ વિસ્તારોમાં આમ આદમી પાર્ટી ચિત્રમાં ના હોય તેવી પ્રતિતિ થઇ હતી.

ખાસ કરીને લઘુમતિ વિસ્તારો વોર્ડ નંબર 19 આંજણા ડુંભાલમાં 65.34 ટકા મતદાન અને વોર્ડ નંબર 25 લિંબાયત ઉધના યાર્ડમાં 62.52 ટકા મતદાન નોંધાતા કોંગ્રેસમાં આશા જાગી છે કે અહીંથી ખાતું ખુલી શકે છે.

## મતદારોને બહાર કાઢવા માછીવાડમાં ઢોલ વગાડવા પડ્યા



■ આજે નિરસ મતદાનને કારણે મતદારો બહાર નહીં નીકળતા તેમને રીઝવવા માટે વોટ્સએપ અને ગ્રુપ મેસેજનો મારો કરવો પડ્યોહતો પરંતુ માછીવાડમાં તો ઢોલ નગારા વગાડવા પડ્યા હતાં. (તસવીર : હેમંત ડેરે)

## 94 વર્ષીય હસુમતીબેન દેસાઈનો અડીખમ જુસ્સો



સુરતઃ સુરત શહેરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણી દરમિયાન મતદાન પ્રત્યેનો ઉત્સાહ દરેક વર્ગમાં જોવા મળ્યો હતો. ખાસ કરીને ભટાર રોડ સ્થિત સંસ્કાર સોસાયટીમાં રહેતા 94 વર્ષીય હસુમતીબેન દેસાઈએ પોતાના અડીખમ જુસ્સાથી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. હસુમતીબેન તેમના પુત્ર પિનાકિનભાઈ દેસાઈ અને સગા મુકેશભાઈ દેસાઈ સાથે અલથાણ-ભટાર વોર્ડમાં આવેલી શિક્ષણ સમિતિની શાળામાં મતદાન કરવા પહોંચ્યા હતા.

# ‘મિનિ સૌરાષ્ટ્ર’માં મતદાનની પેટર્ન બદલાઈ, સમયમાં ફેરફાર દેખાયો

**વરાછા,** કાપોદ્રા, સરથાણા સહિતના વિસ્તારોમાં વહેલી સવારે સાત વાગ્યાથી જ મતદારોની કતારો લાગતી હતી

**સાંજે** પાંચથી છ એક કલાકમાં વધુ લોકો જોવા મળ્યા હતા

### ભાજપ પાસે જાણે કાર્યકરોનો દુકાળ થઈ ગયો, કાર્યાલય ખાલીખમ જોવા મળ્યાં

એક સમય હતો જ્યારે ભાજપ પાસે કાર્યકરોની ફોજ હતી. મતદાનના દિવસે ચૂંટણી કાર્યાલયો કાર્યકરોથી ઊભરાતાં હતાં. આજે એ સ્થિતિ છે કે ચૂંટણી કાર્યાલયો ખાલીખમ જોવા મળ્યાં હતાં. ત્રિકમનગરમાં કાર્યરત ચૂંટણી કાર્યાલયની બપોરે એક વાગ્યે મુલાકાત લેવામાં આવી ત્યારે ત્યાં ગણીને માત્ર ત્રણ જ કાર્યકરો હતો, જેમાં એક મોટી વયના આગેવાનને પૂછ્યું તો તેમણે કહ્યું કે કાર્યકરો મતદાન મથક પર ગયા હોવાથી કાર્યાલય ખાલી છે. એમની વાત સાચી પણ અત્યાર સુધી એવું હતું કે મતદાન મથકની વ્યવસ્થા સંભાળનારા સિવાયના કાર્યકરો કાર્યાલયે મોટી સંખ્યામાં જોવા મળતા હતા. આ વખતે કાર્યાલય ખાલીખમ જોવા મળ્યું હતું.

સુરતઃ સુરતના મિનિ સૌરાષ્ટ્ર તરીકે ઓળખતા વરાછા, કાપોદ્રા, સરથાણા સહિતના વિસ્તારોમાં આ વખતે મતદાનની પેટર્ન બદલાઈ હોય તેવાં દૃશ્યો જોવાં મળ્યાં હતાં. અત્યાર સુધીની આ વિસ્તારની પરંપરા એ રહી છે કે ચૂંટણી મહાનગરપાલિકાની હોય, ધારાસભાની હોય કે સાંસદની પણ મતદારો વહેલી સવારે સાત વાગ્યાથી જ કતાર લગાવી દેતા હતા. આ વખતે આ દૃશ્યો કોઇ જગ્યાએ જોવાં મળ્યાં ન હતાં. આ વખતે તો કાળઝાળ ગરમી પડવાની છે તેવી આગાહી હોવા છતાં લોકોએ તડકો થાય એ પહેલા મતદાન કરવાની વાતને કેન્દ્રમાં રાખી ખરેખર તો વહેલી સવારે જ મતદાન કરી દેવું જોઇતું હતું. પરંતુ કોઈ કારણોસર આ વખતે મિનિ સૌરાષ્ટ્ર ગણાતા વિસ્તારોમાં સવારે સાત વાગ્યે મતદારોની કતાર જોવા મળી ન હતી.

મતદાનના પ્રારંભે જ લોકોનો ઉત્સાહ જોવા ન મળતાં તમામ રાજકીય પક્ષના આગેવાનોને પરસેવો વળી ગયો હતો. લોકોને ઘરેથી મતદાન મથક સુધી પહોંચાડવાના તમામ પ્રયાસો આદરી દીધા હતા. કોઈ પક્ષના આગેવાને મેસેજ મારફતે તો કોઈ પક્ષે માણસોને મોકલીને મતદારોને મતદાન મથક સુધી પહોંચાડવાની કામગીરી કરી હતી. જેના પરિણામે સાંજે પાંચ વાગ્યાથી છ વાગ્યાના સમયગાળા દરમિયાન મતદારોનાં ટોળાં જોવા મળ્યાં હતાં.

# અલથાણની છેડતીની ઘટના બાદ એસપીજી સુરતમાં પણ સક્રિય

**જેમના** નામથી ઓડિયો ક્લિપ ફરતી થઇ છે તે બોગસ હોવાનો જીવરાજભાઇનો વિડીયો ફરતો થયો

સુરત : સરદાર પટેલ ગ્રુપ દ્વારા ગુપ્ત મિટિંગ કરીને અલથાણ વિસ્તારના મતદારોને મત નહીં આપવા અપીલ કરવામાં આવી હતી તેવી ચર્ચા આ વિસ્તારમાં હતી. જો કે, તેના કારણે ચૂંટણીના દિવસે કેટલી અસર પડી છે તે તો પાછળથી જ સ્પષ્ટ થશે. તો બીજી બાજુ જે જીવરાજ કાકાના નામથી ઓડિયો ક્લિપ ફરતી થઈ હતી તેણે ખુલાસો કરીને તે દીકરની સાથે હોવાનું તેમજ તેમના નામે એઆઈનો ઉપયોગ કરીને બોગસ વીડિયો ફરતો કર્યો હોવાનું જણાવ્યું હતું. 24 એપ્રિલના રોજ અલથાણ પોલીસ સ્ટેશનની હદમાં બનેલી સગીર બાળકીની છેડતીની ઘટનાએ હવે રાજકીય સ્વરૂપ ધારણ કર્યું છે. આ સંવેદનશીલ મામલામાં પોલીસની ત્વરિત કામગીરી છતાં ફાટી નીકળેલા જનઆક્રોશ પાછળ કોઈ પૂર્વ આયોજિત કાવતરું હોવાની શંકા દૃઢ બની છે. ઘટનાના CCTV ફૂટેજમાં આમ આદમી પાર્ટી (AAP) સાથે જોડાયેલા કાર્યકરની હાજરી અને વોર્ડ નંબર 29ના ઉમેદવારના સાગરીતો વાઈરલ થયેલી ઓડિયો ક્લિપે સુરત પોલીસને ચોંકાવી દીધી છે. એસીપી ઝેડ. આર. દેસાઈના જણાવ્યા અનુસાર, આ માત્ર આક્રોશ નહીં પણ ક્રેડિટ લેવાની રાજનીતિ અને હિંસા ભડકાવવાનું આયોજન હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે.

### સુરતના છેડતી કાંડના પડઘા મહેસાણામાં, બાજીપુરા ગામે ચૂંટણી બહિષ્કાર

ગાંધીનગરઃ મહેસાણા જિલ્લાના બાજીપુરા ગામમાં સુરતના યુવતીની છેડતીના ઉગ્ર પડઘા જોવા મળી રહ્યા છે. સુરતમાં પાટીદાર યુવતીની છેડતી, બાદ થયેલા પોલીસ લાઠીચાર્જના વિરોધમાં બાજીપુરા ગામ લોકોએ ચૂંટણીનો સામૂહિક બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી. બાજીપુરા ગ્રામજનોના જણાવ્યા પ્રમાણે મહિલાની સુરક્ષા જેવા ગંભીર મુદ્દે ન્યાય મળવો જોઈએ, પરંતુ વિરોધ નોંધાવવા ગયેલા લોકો પર પોલીસ દ્વારા લાઠીચાર્જ કરાયો, જેને લઈને ભારે અસંતોષ ફેલાયો છે. આ ઘટનાના વિરોધમાં બાજીપુરા ગામે એકમતથી ચૂંટણીમાં મતદાન ન કરવા નિર્ણય લીધો છે. સ્થાનિક પાટીદાર આગેવાનએ જણાવ્યું હતું કે, સરકાર એક તરફ મહિલા સુરક્ષાની વાતો કરે છે, પરંતુ બીજી તરફ પોતાની બહેન-દીકરીઓ માટે ન્યાય માંગવા ગયેલા લોકો પર જ દમન કરવામાં આવે છે. આ કેવો ન્યાય? જ્યાં સુધી આ મામલે જવાબદાર પોલીસ અધિકારીને સસ્પેન્ડ કરવામાં નહીં આવે અને યોગ્ય કાર્યવાહી નહીં થાય, ત્યાં સુધી ગામ લોકો ચૂંટણીમાં ભાગ લેશે નહીં.

## ૯૭ વર્ષની ઉંમરે ઉધનાના દાદાએ મતદાન કરીને યુવાનોને પાઠવ્યો સંદેશ



સુરતઃ શહેરના ઉધના વિસ્તારમાં લોકશાહી પ્રત્યેની અડગ લાગણી અને જવાબદારીનું પ્રેરણાદાયી દશ્ય સામે આવ્યું છે. ઉધનાના વશી કોલોનીમાં રહેતા ૯૭ વર્ષીય કેશવભાઈ ખીમજીભાઈ દાફડાએ ઉંમરના આ પડાવમાં પણ મતદાન કરીને યુવાનો માટે મજબૂત સંદેશ પાઠવ્યો છે. કેશવભાઈ વહેલી સવારે જ ઉત્સાહ સાથે મતદાન મથકે પહોંચ્યા હતા અને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતદાન બાદ કેશવભાઈએ જણાવ્યું હતું કે, “મતદાન કરવું દરેક નાગરિકની ફરજ છે. યુવાનો ખાસ કરીને આગળ આવીને મતદાન કરે તે જરૂરી છે.” તેમના આ શબ્દો આજની પેઢી માટે પ્રેરણારૂપ બની રહ્યા છે.

## અંબાબાનો 95 વર્ષની ઉંમરે લોકશાહી પ્રત્યે ઉત્સાહ, જાતે ચાલીને મતદાન કરવા આવ્યાં



સુરતઃ સુરત જિલ્લાના ગભેણી ગામમાં લોકશાહી પ્રત્યે અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. 95 વર્ષની વય ધરાવતી અંબા બહેન ભગવાનભાઈ સુરતી, જેમને ગામમાં સૌ પ્રેમથી “અંબા બા” તરીકે ઓળખે છે, તેમણે પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે જાતે જ ઘરેથી ચાલીને મતદાન કેન્દ્ર સુધી પહોંચીને સૌને પ્રેરણા આપી હતી. ઉંમરના આ પડાવે પણ તેઓમાં જોવા મળેલો ઉમંગ અને જવાબદારીની ભાવનાએ યુવાનોને પણ શરમાવે તેવી પ્રેરણા પૂરી પાડી હતી. ગરમી હોવા છતાં અંબા બાએ મતદાન કરવાનું પોતાનું કર્તવ્ય નિભાવ્યું હતું. ગામલોકોએ પણ તેમની હિંમત અને લોકશાહી પ્રત્યેની લાગણીને બિરદાવતાં કહ્યું કે આવી ઘટનાઓ સમાજમાં સકારાત્મક સંદેશ ફેલાવે છે.

# પ્રજાપતિ સમાજની નારાજગી ભાજપને આ વખતે ભારે પડશે?

**પ્રજાપતિ** સમાજના નરેન્દ્ર પાંડવની ટિકિટ કપાતાં સમાજમાં રોષની લાગણી હતી, તેમાં નંદલાલ પાંડવને મુખ્યમંત્રીની સભા રેલીથી અલગ રાખતાં રોષ વધી ગયો

**ચાર-ચાર** વોર્ડમાં મોટી સંખ્યામાં મતદારો ધરાવતા પ્રજાપતિ સમાજને સમજાવવા ભાજપે નંદલાલ પાંડવ પાસે મતની અપીલનો વિડીયો બનાવ્યો

**જોકે,** હવે પ્રજાપતિ સમાજનો રોષ કેટલી અસર ઉભી કરશે તે મતગણતરી બાદ ખબર પડશે

સુરતઃ કતારગામમાં વોર્ડ નંબર 7માં પ્રજાપતિ સમાજના આગેવાન નંદલાલ પાંડવના પુત્ર નરેન્દ્ર પાંડવની ટિકિટ કપાઈ જતાં પ્રજાપતિ સમાજમાં ભાજપ સામે ભારે રોષનો માહોલ જોવા મળ્યો હતો.

બીજી તરફ અન્ય પક્ષ દ્વારા પ્રજાપતિ સમાજના આગેવાનને ટિકીટ આપવામાં આવી હોવાથી આજે સવારથી ભાજપના આગેવાનો પ્રજાપતિ મતદારો માટે દોડતાં થયા હતા. પ્રજાપતિ સમાજના અગ્રણી નંદલાલ પાંડવને મુખ્યમંત્રીની રેલી તેમજ સભામાં પણ અળગા રાખવામાં આવ્યા હતા. તેને કારણે નંદલાલ પાંડવ નારાજ હતા.

જોકે, ભાજપે તેમને મનાવી લેતાં તેમના દ્વારા ભાજપને મતની અપીલ કરતો વિડીયો પણ પોસ્ટ કરવામાં આવ્યો હતો. પરંતુ આ વિડીયો બાદ પણ પ્રજાપતિ સમાજમાં નારાજગી જોવા મળી હતી.

પ્રજાપતિ સમાજના જ કેટલાક યુવાનો અને સભ્યો દ્વારા એક પત્રિકા સોશિયલ મીડિયા પર વાયરલ




કરવામાં આવી હતી. જેમાં સમાજના આગેવાન નંદલાલ કાળાભાઈ પાંડવ સામે ગંભીર આક્ષેપો સાથે તેમના બહિષ્કારની હાકલ કરવામાં આવી હતી.

લખાણ સાથે નંદલાલ પાંડવના ફોટા પર લાલ ચોકડી પણ મારવામાં આવી હતી. ચૂંટણીના દિવસે આ રીતે સમાજના અગ્રણી સામે આક્રમક આક્ષેપો સાથેના પોસ્ટરો વાયરલ થતાં રાજકીય ગરમાવો વધી ગયો છે અને સમાજમાં પણ વ્યાપક ચર્ચા ચાલી હતી. પ્રજાપતિ સમાજની નારાજગીને કારણે વોર્ડ નં. 5 (ફુલપાડા-અશ્વિનીકુમાર), વોર્ડ નં.6 (કતારગામ), વોર્ડ નં.7 (કતારગામ-વેડ), વોર્ડ નં.8 (ડભોલી-સિંગણપોર) તેમજ વોર્ડ નં. 12 (નાણાવટ-સૈયદપુરા-કુબેરનગર-મહિધરપુરા)માં પરિણામમાં અસર જોવા મળી શકે છે.

અગાઉ પણ પ્રજાપતિ સમાજને કારણે જ ભાજપે 2021ની સુરત મનપાની ચૂંટણીમાં કતારગામમાં એક બેઠક ગુમાવવી પડી હતી અને તે બેઠક આપના ફાળે ગઈ હતી. આ વખતે જોકે, આ નારાજગી એકાદ બેઠક પર રહે છે કે પછી તમામ બેઠકો પર અસર ઉભી કરે છે? તે બે દિવસ બાદ પરિણામથી જ ખબર પડશે.

### કોળી પટેલ નારાજ, કાંઠાના વિસ્તારોમાં મતદાનની ટકાવારી ઘટી

**વેડ-ડભોલી-સિંગણપોરમાં ભાજપના ટેબલ પાટીદાર યુવાનોએ સાચવ્યા**

સુરતઃ ભાજપ, કોંગ્રેસ અને આપ દ્વારા આ વખતે કોળી પટેલ સમાજને ભૂતકાળ જેટલી ટિકીટો ફાળવવામાં નહીં આવતાં કોળી પટેલ સમાજમાં પણ ભારે રોષની લાગણી આજે મતદાનના દિવસે જોવા મળી હતી. પોતાના સમાજના મતદારોને મતદાન કરાવવા માટે કોળી સમાજના આગેવાનો એટલા ઘરની બહાર નીકળ્યા નહોતા. પરંપરાગત રીતે કોળી પટેલના જે વિસ્તારમાં ટેબલો પર કોળી પટેલ યુવાનો જ જોવા મળતાં હતાં તે પણ આ વખતે ગાયબ દેખાયા હતા. કતારગામ વિધાનસભામાં સમાવિષ્ટ મોટી વેડ, નાની વેડ અને ડભોલી-સિંગણપોર સહિતના વિસ્તારોમાં કોળી પટેલ સમાજની મોટી વસ્તી છે પરંતુ આ વખતે ભાજપે કોળી પટેલ સમાજના આગેવાનોને એટલી ટિકીટ આપી નહોતી. જેને કારણે આ વિસ્તારોમાં પણ કોળી પટેલ સમાજમાં રોષ દેખાયો હતો. ભૂતકાળમાં જ્યાં કોળી પટેલ આગેવાનો ઉભરાતા હતાં તેવા આ વિસ્તારોમાં ભાજપના ટેબલો પાટીદાર યુવાનોએ સંભાળવા પડ્યા હતા. આજ રીતે કાંઠાના કોળી પટેલ સમાજમાં પણ રોષની લાગણી જોવા મળી હતી. કોળી પટેલ સમાજની નારાજગીને કારણે જ કાંઠાના ગામડાઓમાં મતદાનની ટકાવારી ઘટી હતી.

## મતદાન માટે 84 વર્ષીય વૃદ્ધાનો ઉત્સાહ



સુરતઃ લિંબાયત વિસ્તારમાં 84 વર્ષીય વૃદ્ધા લાકડીના સહારે મતદાન કરવા પહોંચ્યા હતા. વૃદ્ધા જનાબેન પાટીલે દરેક યુવાનોને અને ખાસ કરીને મહિલાઓને મતદાન કરવા સંદેશ આપ્યો હતો. મહિલાઓ મતદાન કરવા આળસ કરીને ટાળે છે. સારી સુવિધાઓ માટે એક સારી સરકાર પસંદ કરવા મતદાન ખૂબ જરૂરી હોવાનું તેમને જણાવ્યું હતું.

## 80 વર્ષના ડાહ્યાભાઈ ટેલર ઘુંટણમાં સોજો હોવા છતાં મતદાન કરવા પહોચ્યા



સુરતઃ અડાજણ ગામના 80 વર્ષીય ડાહ્યાભાઈ ટેલરે ઘૂંટણમાં અસહ્ય સોજો હોવા છતાં લોકશાહી પ્રત્યેની પોતાની અતૂટ નિષ્ઠા પ્રગટ કરી છે. શારીરિક તકલીફો હોવા છતાં તેઓ રિક્ષામાં પોતાની દીકરી સાથે મતદાન મથકે પહોંચ્યા હતા અને કાળઝાળ ગરમીની જરાય ચિંતા કર્યા વગર મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.